|| ૐ શ્રી સાઈરામ ||

|| ૐ શ્રી સાઈ ભક્તિજ્ઞાનપ્રદીપાય નમ: ॥ (૭૩)

# ભક્તિ અને જ્ઞાનનો દીપ પ્રજવલિત કરવાવાળા

# શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન બાબાએ ભક્તોની મુક્તિ માટે ત્રણ માર્ગ કહ્યા છે. તે છે કર્મ (Work), ભક્તિ (Worship), અને જ્ઞાન (Wisdom). ભગવાન કહે છે-' જ્ઞાનના આધારે, તમે બધા કર્મ કરો. તમારું હૃદય પ્રેમ ભક્તિથી એટલે નમ્રતા, પ્રેમ, દયા અને અહિંસાથી વ્યાપ્ત કરો. કર્મ એ જાણે ધીમી ગતિથી જનારી પ્રવાસી ગાડી છે. તેમાં તમારી ભક્તિ મેળવતા તે ગાડી ગતિવાન (ફાસ્ટ) થાય છે. કર્મ અને ભકિતથી સત્યસ્વરૂપનું જ્ઞાન વિકસિત થાય છે અને તેમાંથી આપણા અંતરાત્માના પ્રદેશ તરફ આપણે પોતે જ પ્રવાસ કરી શકીએ છે.

શ્રી સાઈના શિરડી અવતારની આ કથા. ૪.૩.૧૯૧૨ ને રોજ સૌ. લક્ષ્મીબાઈ ખાપર્ડે નામના સાઈનાથના પરમ ભક્ત, બપોરના સમયે નૈવેદ્યની થાળી લઈને દ્વારકામાઇમાં ગયા. ખરેખર તેમને તે દિવસે મોડું થયું હતું. દ્વારકામાઈમાં પરવાનગી દેતા બપોર નહોતા સમયે, પરંતુ કોઈ તેમણે પણ લક્ષ્મીબાઈને મહિલાને અંદર રોક્યા આવવાની નહીં અને સાઈનાથ ખૂબ જ પ્રેમથી તેમણે લાવેલું નૈવેધ ગ્રહણ કર્યું. નૈવેદ્ય ગ્રહણ કર્યા પછી સાઈનાથ આસનસ્થ થયા અને તેમણે જાણી જોઈને તેમના પગ આગળ ફેલાવ્યા. આ જોતાં જ લક્ષ્મીબાઈને આનંદ થયો અને તે સાઈનાથના પગ દબાવવા લાગ્યા.

અહીંયાં સુધી બધું ઠીક હતું, પરંતુ આગળ જતા એક આશ્ચર્યકારક બનાવ બન્યો, તે એ કે જે હાથથી તે સાઈનાથના પગ દબાવતા હતા, તે હાથ સાઈનાથ પોતે દબાવવા લાગ્યા. આ દશ્ય જોનારા માધવરાવ દેશપાંડે બોલ્યા- "દેવા, અમે આતે કેવુંવિલોભનીય દશ્ય જોઈએ છીએ" દેવ ભક્તનો એકબીજા બદલનો આ ભાવ પ્રત્યક્ષ જોવા મળવો, તે એક આશ્ચર્યજ હતું. લક્ષ્મીબાઈની સેવાભાવી વૃત્તિ પર સાઈનાથ પ્રસન્ન થયા અને તેમના કાનમાં કહ્યું-"રાજારામ, રાજારામ સતત બોલતી રહેજે."

ક્યારેય કોઈને પણ મંત્ર ન આપનારા સાઈનાથે લક્ષ્મીબાઈની ભક્તિથી પ્રસન્ન થઈને તેમને મુક્તિનો માર્ગ બતાવનારો જ્ઞાનદીપ પ્રજવલિત કર્યો.

શ્રી સાઈના સાંપ્રત (વર્તમાન) ના શ્રી સત્યસાઈ અવતારની આ એક વાર્તા. હિંદુ પંચાંગ અનુસાર અધિક માસ દર ત્રણ વર્ષે એકવાર આવે છે. અધિક માસ એ ભગવાનને પ્રિય છે, તેથી તેને પુરુષોત્તમ માસ પણ કહેવાય છે. આ મહિનામાં ભગવાનની સામે અખંડ દીવો કરવાની તેમજ પુરુષોત્તમ પ્રિત્યર્થ એક દીપ (દીવો) આપવાની પ્રથા છે. સ્વામીના એક ભક્ત આ મહિનામાં પુટ્ટપર્તિ જવા નીકળ્યા, ત્યારે તેમની પત્નીએ તેમની પાસે એક ચાંદીનો દીવો સ્વામીને અર્પણ કરવા માટે આપ્યો. જ્યારે આ ભક્ત સ્વામી પાસે ગયા, ત્યારે તેમણે સ્વામીને વંદન કર્યા પછી આ દીવો અર્પણ કરવા માટે બહાર કાઢયો. આ જોતા જ સ્વામીએ પૂછ્યું- " આ શું છે?" ત્યારે તે ભક્ત બોલ્યા- " પુરુષોત્તમ માસ નિમિત્તે સૌભાગ્યવતીએ (શ્રીમતીએ) આ તમને અર્પણ કરવા માટે આપ્યો છે." આમ સાંભળતા જ સ્વામીએ તે દીવો સ્વીકાર્યો, પરંતુ તેમના ચહેરા પર નારાજગી દેખાઈ. તે બોલ્યા- "તેને કહો આ બાહ્ય ઉપચારોની કાંઈ જરૂર નથી. ભક્તિનો જે અખંડદીપ તેણે અંતઃકરણમાં પ્રજ્વલિત કર્યો છે, તે તેવો જ અખંડ રહેવા દે." આ ઉપદેશ તે બન્નેએ સતત ધ્યાનમાં રાખ્યો અને આચરણમાં ઉતાર્યો.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||